# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*****************************************************

**1)** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારતની સંરક્ષણ નિકાસ વર્ષ 2030 સુધીમાં 50 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી જશે.

**2)** કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે સમાવેશી, સમાન અને ટકાઉ કૃષિ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

**3)** છત્તીસગઢના સુકમા જિલ્લાનું બડેસટ્ટી ગામ બસ્તર વિભાગનું પ્રથમ નક્સલ મુક્ત ગ્રામ પંચાયત બની.

**4)** આજે જમ્મુ કાશ્મીર, પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં વરસાદની હવામાન વિભાગની આગાહી .

**5)** ભારતના હિમાંશુ જાખડે સાઉદી અરેબિયામાં પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં પ્રથમ વાર સુવર્ણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો.

..........................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# RAJNATH-DEFENCE EXPORTS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારતની સંરક્ષણ નિકાસ વર્ષ 2030 સુધીમાં 50 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. તેઓ ગઈકાલે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં ચેમ્બર ઓફ મરાઠવાડા ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચર - CMIA ના 'મરાઠવાડા - આત્મનિર્ભર ભારતની સંરક્ષણ ભૂમિ' વિષય પર આયોજિત સંવાદ સત્રમાં સંબોધન કરી રહ્યા હતા.

## (બાઇટ – રાજનાથ સિંહ)

આ પ્રસંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોરના વિસ્તરણ માટે વધારાની 8 હજાર એકર જમીન સંપાદિત કરવામાં આવશે, જે હાલમાં 10 હજાર એકરમાં ફેલાયેલો છે. સંરક્ષણ મંત્રીએ વીર શિરોમણી મહારાણા પ્રતાપની ઘોડા પર સવારી કરતી પ્રતિમાનું અનાવરણ પણ કર્યું.

# BRICS-AGRI MINISTERS MEET

ભારતે કહ્યું છે કે તે સમાવેશી, સમાન અને ટકાઉ કૃષિ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ગઈકાલે બ્રાઝિલમાં 15મી બ્રિક્સ કૃષિ મંત્રીઓની બેઠકને સંબોધતા કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે જ્યાં સુધી નાના ખેડૂતોને સુરક્ષિત અને સશક્ત બનાવવામાં નહીં આવે ત્યાં સુધી વૈશ્વિક ખાદ્ય સુરક્ષાના

લક્ષ્યાંકો અધૂરા રહેશે. તેમણે ભાર મૂક્યો કે ભારત માટે મહિલાઓને સામાજિક, આર્થિક અને રાજકીય રીતે સશક્ત બનાવવાનું એક મિશન છે.

## BYTE: SHIVRAJSINH CHAUHAN

બેઠક દરમિયાન બ્રિક્સ કૃષિ મંત્રીઓએ જમીનના ધોવાણ, રણીકરણ અને જમીનની ફળદ્રુપતાના નુકશાનને સંબોધવા માટે બ્રિક્સ લેન્ડ રિસ્ટોરેશન પાર્ટનરશિપ શરૂ કરી. સંયુક્ત ઘોષણામાં, બ્રિક્સ દેશોએ વૈશ્વિક કૃષિ-ખાદ્ય પ્રણાલીને સામૂહિક રીતે ન્યાયી, સમાવિષ્ટ, નવીન અને ટકાઉ બનાવવાના તેમના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

દરમિયાન, શ્રી ચૌહાણે બ્રિક્સ દેશોને આ વર્ષે પહેલી મેથી શરૂ થનારા વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય મનોરંજન શિખર સંમેલન અને સપ્ટેમ્બર 2025માં યોજાનાર વિશ્વ ફૂડ ઇન્ડિયામાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું.

## JEE MAIN RESULT

આ વર્ષની સંયુક્ત પ્રવેશ પરીક્ષા-JEE મેઈન બીજા સત્રનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTAએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આ પરિણામ JEE મેઇનની વેબસાઇટ - jeemain.nta.nic.in પર ઉપલબ્ધ થશે. તેમજ તેમાં કટઓફ માર્ક્સ પણ દર્શાવવામાં આવશે.

JEE મુખ્ય પરીક્ષા આ વર્ષે બે તબક્કામાં, જાન્યુઆરી અને એપ્રિલમાં યોજાઈ હતી. જો કોઈ ઉમેદવારે બંને સત્રોમાં પરીક્ષા આપી હોય, તો તેને જે સત્રમાં વધુ ગુણ મળ્યા છે તેના આધારે મેરિટ યાદીમાં સામેલ કરવામાં આવશે.

આ વર્ષે પ્રથમ અઢી લાખ ઉમેદવારો તેમના મેળવેલા ગુણના આધારે JEE એડવાન્સ્ડ પરીક્ષા માટે પાત્ર બનશે. આ પરીક્ષા દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ મળે છે.

## CHHATTISGARH - NAXAL FREE PANCHYAT

છત્તીસગઢના સુકમા જિલ્લાનું બડેસટ્ટી ગામ બસ્તર વિભાગનું પ્રથમ નક્સલ મુક્ત ગ્રામ પંચાયત બન્યું છે. ગઈકાલે સુકમાના પોલીસ અધિક્ષક સમક્ષ તે જ ગામમાં અગિયાર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ ..

## (BYTE: VIKALP)

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી દેશના ઉત્તરપશ્ચિમ ભાગો અને પશ્ચિમ હિમાલય ક્ષેત્રના મેદાની વિસ્તારોમાં ઘણી જગ્યાએ ભારે પવન અને વાવાઝોડાની આગાહી કરી છે.

વિભાગે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ અને હિમાચલ પ્રદેશમાં કેટલાક સ્થળોએ આજે ભારે વરસાદની આગાહી છે. પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે.

આગામી ચાર દિવસ દરમિયાન દેશના ઉત્તરપૂર્વ અને પૂર્વીય ભાગોમાં હળવો વરસાદ અને વાવાઝોડાની આગાહી છે. રાજસ્થાનમાં આજે પણ ગરમીનું મોજું રહેવાની શક્યતા છે. મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડા ક્ષેત્રમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની ધારણા છે.

# ASIAN U18 ATHLETICS CHAMPIONSHIPS

ભારતના હિમાંશુ જાખડે સાઉદી અરેબિયાના દમ્મામમાં અંડર-૧૮ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં પ્રથમ વાર સુવર્ણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે.

હિમાંશુએ 67.57 મીટરના અંતર સુધી ભાલા ફેંકીને ટોચનું સ્થાન મેળવ્યું. ભારતે ચેમ્પિયનશિપમાં એક સુવર્ણ, પાંચ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રકો સહિત કુલ 11 ચંદ્રકો જીત્યા છે.

પુરુષો ઊંચી કૂદમાં દેવક ભૂષણે રજત ચંદ્રક અને  પી. ચિરંત, સઈદ સાબીર, સાકેત મિંજ અને કાદિર ખાનની ટીમે પુરુષોની મેડલી રિલેમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

મહિલાઓની ૨૦૦ મીટર દોડમાં આરતીએ બીજો કાંસ્ય ચંદ્રક જીત્યો. આ પહેલા આરતીએ ૧૦૦ મીટર દોડમાં પણ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# CRICKET-IPL

IPL ક્રિકેટમાં, આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે, મેચ બપોરે ત્રણ વાગે શરૂ થશે જ્યારે અન્ય એક મેચમાં જયપુરમાં સાંજે સાડા સાત વાગે રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે

દરમ્યાન ગઇકાલે પંજાબ કિંગ્સે ચેન્નાઈમાં વરસાદથી પ્રભાવિત મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને પાંચ વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા બેંગ્લોરે 14 ઓવરમાં 95 રન બનાવ્યા. પંજાબે 11 બોલ બાકી રહેતા 96 રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

# MORN.US-ITALY IMEC

અમેરિકા અને ઇટાલીએ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરને આ સદીનો સૌથી મોટો આર્થિક એકીકરણ અને જોડાણ પ્રોજેક્ટ ગણાવ્યો છે. એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ કોરિડોર ભાગીદારોને જોડશે અને ભારતથી ખાડી દેશો, ઇઝરાયલ, ઇટાલી અને અમેરિકા સુધી આર્થિક વિકાસ અને એકીકરણને પ્રોત્સાહન આપશે.

વોશિંગ્ટનમાં અમેરિકના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની વચ્ચેની પ્રથમ સત્તાવાર મુલાકાત બાદ આ સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું. નિવેદન અનુસાર, અમેરિકા અને ઇટાલી ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર વિકસાવવા માટે સાથે મળીને કામ કરશે. તે

ભાગીદાર દેશોને બંદરો, રેલ્વે અને સમુદ્રી કેબલ દ્વારા જોડશે અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે. બંને નેતાઓએ પરસ્પર લાભદાયી સંબંધોને પ્રોત્સાહન આપવા અને સુરક્ષા, આર્થિક અને ટેકનોલોજી મુદ્દાઓ પર અમેરિકા-ઇટાલી વ્યૂહાત્મક જોડાણને વધુ ગાઢ બનાવવાનો સંકલ્પ કર્યો.

ઉલ્લેખનીય છે કે 9 સપ્ટેમ્બર 2023ના રોજ નવી દિલ્હીમાં G-20 શિખર સંમેલનમાં ભારત, યુરોપિયન સંઘ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, સાઉદી અરેબિયા, UAE અને અમેરિકા વચ્ચે થયેલા સમજૂતી કરાર દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી પ્રોજેક્ટને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

1) આજનાં દૈનિકો પર નજર કરીએ તો.. અમેરિકામાં વિદ્યાર્થીઓનાં વિઝા રદ, ટેરિફ વોરમાં અમેરિકાનું નરમ વલણ, 15 દેશો સાથે મંત્રણા કરશે જેવા સમાચાર હેડલાઇન્સમાં જોવા મળે છે.
2) સંદેશની હેડલાઇન છે-ટ્રમ્પનો ટેરર, 160 કોલેજોનાં 1024 વિદ્યાર્થીનાં વિઝા રદ. નવગુજરાત સમયે પણ આ જ હેડલાઇન બનાવી છે.
3) અમદાવાદ મિરર પ્રથમ પાને હેડલાઇનમાં જણાવે છે કે, ટૂંક સમયમાં અમદાવાદમાં 100 એકર જમીન પર પ્રિમીયમ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ સ્કુલ ખોલવામાં આવશે
4) ફુલછાબ હવામાન અંગેનાં સમાચારમાં જણાવે છે કે, 24 રાજ્યમાં આંધી અને વરસાદનું એલર્ટ
5) અન્ય એક સમાચારમાં ફુલછાબ જણાવે છે કે, રાજ્યમાં ઉનાળુ વાવેતરની કામગીરી પૂર્ણ થઈ છે અને વાવેતર વિસ્તારમાં પાંચ ટકાનો વધારો થયો છે
6) આ ઉપરાંત, ભગવદ ગીતા અને ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર યુનેસ્કોનાં લિસ્ટમાં. શુભાંશુ શુક્લા આવતા મહિને અવકાશયાત્રા પર જશે, પ્રધાનમંત્રી મોદીની એલન મસ્ક સાથે વાતચીત, આજે જેઇઇ મેઇન્સનું પરિણામ જેવા સમાચારોને પ્રથમ પાને સ્થાન આપવામાં આવ્યું છે.